# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-સાત શિખર સંમેલનમાં ભાગ લેવા કેનેડાના કેલગરી પહોંચ્યા.**

2) **G-7ના નેતાઓએ મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.**

3) **ઇરાનના તહેરાનમાં વસતા ભારતીયોને અન્ય સલામત સ્થળે ખસી જવા ભારતીય દુતાવાસે સલાહ આપી.**

4) **અમદાવાદ વિમાન દુર્ઘટનામાં 144 મૃતકોનાં DNA સેમ્પલ મેચ થયા - અત્યાર સુધીમાં 101 પાર્થિવ દેહ મૃતકોનાં પરિવારજનોને સોંપાયા.**

5) **AFC મહિલા એશિયન કપ અને ઑસ્ટ્રેલિયા 2026 ક્વાલિફાયર માટે ભારતીય ફૂટબૉલ ટીમની જાહેરાત.**

........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM CANADA ARRIVAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-સાત શિખર સંમેલનમાં ભાગ લેવા કેનેડાના કેલગરી ખાતે પહોંચ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તેઓ શિખર સંમેલનમાં વિવિધ દેશના નેતાઓ સાથે મુલાકાત કરશે અને મહત્વના વૈશ્વિક મુદ્દાઓ પર પોતાના વિચાર રજૂ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું, આ સંમેલન દરમિયાન તેઓ ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓ પર પણ ભાર આપશે.

સાંભળીએ સુપર્ણા સૈકિયા સાથે પ્રવેશ અડિએચાનો અહેવાલ.

## (V/C- PRAVESH ADIACHA)

*(G-7 એ ફ્રાન્સ, અમેરિકા, બ્રિટન, જર્મની, જાપાન, ઈટાલી અને કેનેડા અને યુરોપીયન સંઘનું એક અનૌપચારિક સમૂહ છે. આ સમૂહના સભ્યો વૈશ્વિક, આર્થિક અને ભૂ-રાજકીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે દર વર્ષે જી-7 શિખર સંમેલનમાં મળે છે. છેલ્લા કેટલાક વર્ષમાં ભારતને જી-7 શિખર સંમેલનના સત્ર માટે નિયમિત આમંત્રણ મળે છે. ભારત છેલ્લા ઘણા શિખર સંમેલનમાં હંમેશા ગ્લોબલ સાઉથ સાથે જોડાયેલા મુદ્દાઓ સામે લાવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે આ સંમેલનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I., ઊર્જા, આફ્રિકા અને ભૂ-મધ્ય સાગર જેવા મહત્વના વિષય પર ચર્ચા કરવા માટે અન્ય આમંત્રિત દેશ સાથે ભાગ લીધો હતો.)*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# INDIAN DIASPORA CROATIA

ક્રોએશિયામાં ભારતીય સમુદાયના લોકોનો પ્રભાવ સતત વધી રહ્યો છે. જોકે, મધ્ય-દક્ષિણ પૂર્વ યુરોપના આ દેશમાં ભારતીયોની સંખ્યા ઓછી જ છે, પરંતુ સાંસ્કૃતિક દ્રષ્ટિથી તેનું મહત્વ ઘણું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ક્રોએશિયાની રાજધાની જગરેબ પહોંચશે. ભારતના કોઈ પ્રધાનમંત્રીનો પણ આ પહલો ક્રોએશિયા પ્રવાસ હશે.

શ્રી મોદીના આ પ્રવાસ અંગે આકાશવાણી સાથેની વાતચીતમાં જગરેબમાં I.T. પ્રૉફેશનલ સમ્રાટે જણાવ્યું, નાના પણ મહત્વના દેશ ક્રોએશિયામાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે તે જોઈ તેમને આનંદ થયો. જગરેબમાં એક રેસ્ટોરાંના કર્મચારી અભિષેક ચૌહાણે આશા વ્યક્ત કરી કે, પ્રધાનમંત્રીના પ્રવાસથી બંને દેશના આર્થિક સંબંધ વધુ ગાઢ બનશે. તેમજ અનેક ભારતીયોને ક્રોએશિયા જવાની તક પણ મળશે.

# G7-JOINT STATEMENT

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે, જી 7 નેતાઓએ ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષ અંગેનું સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે.. જી 7 ના નેતાઓએ મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે, ઇઝરાયેલના પોતાનો બચાવ કરવાના અધિકારને ટેકો જાહેર કર્યો છે.

જી-7 એ ચાલી રહેલા પ્રાદેશિક તણાવ વચ્ચે નાગરિકોની સુરક્ષાના મહત્વ પર ભાર મૂક્યો. જૂથે ઈરાનને ઇઝરાયેલમાં અસ્થિરતા અને આતંક ફેલાવનાર તરીકે ઓળખાવ્યું હતું. નેતાઓએ તેમની લાંબા સમયથી ચાલતી સ્થિતિ જાળવી રાખી હતી કે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર પ્રાપ્ત કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. તેમણે આશા વ્યક્ત કરી કે ઈરાનની કટોકટીને ઉકેલવાથી ગાઝામાં યુદ્ધવિરામ હાંસલ કરવાના પ્રયાસો સહિત મધ્ય પૂર્વમાં તણાવ ઘટાડી શકાશે.

# MEA INDIAN STUDENTS

ઇરાનના તહેરાનમાં વસતા ભારતીયોને અન્ય સલામત સ્થળે ખસી જવા ભારતીય દૂતાવાસે સલાહ આપી છે. બીજી તરફ તેહરાનમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓને શહેરની બહાર લઇ જવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, પરિવહનની બાબતમાં આત્મનિર્ભર એવા અન્ય રહેવાસીઓને પણ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરની બહાર જવાની સલાહ આપવામાં આવી છે.

કેટલાક ભારતીયોને આર્મેનિયાની સરહદ પરથી ઈરાન છોડવાની સુવિધા આપવામાં આવી છે. શક્ય તમામ સહાય પૂરી પાડવા રાજદૂત ભવન ભારતીય સમુદાય સાથે સતત સંપર્કમાં રહે છે.

# MEA CONTROL ROOM

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલતા સંઘર્ષને જોતા વિદેશ મંત્રાલયે સ્થિતિ પર નજર રાખવા અને ભારતીય નાગરિકોની મદદ માટે 24 કલાકનો કન્ટ્રોલ રૂમ બનાવ્યો છે. વિદેશ મંત્રાલયે આ માટે કેટલાક હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યા છે. તેમાં ટૉલ ફ્રી નંબર 1800–118–797 અને +91-11-2301 21 13 તેમજ +91-11-23 01 41 04, +91-11230 17905 સામેલ છે.

જ્યારે વ્હૉટ્સ ઍપ નંબર +91-99682 91988 પર પણ સંપર્ક કરી શકાશે. લોકો SITUATIONROOM@MEA.GOV.IN. થી પણ માહિતી મેળવી શકે છે.

ઉપરાંત તહેરાનમાં ભારતીય રાજદૂતભવન ખાતે ઈરાનમાં રહેતા ભારતીયો અથવા ઈરાનના પ્રવાસે આવેલા નાગરિકો માટે આપત્તિ હેલ્પલાઈન નંબર સક્રિય કરાયો છે. લોકો વૉઈસકૉલ માટે +98 91281 09115 અને +98 91281 09109 નંબર ડાયલ કરી શકે છે. જ્યારે વ્હૉટ્સઍપ માટે રાજદૂત ભવને +98 90104 45557, +98 90159 93320, અને +91 80868 71709 નંબર જાહેર કર્યો છે.

બંદર અબ્બાસમાં +98 91776 99036 અને જહદાનમાં +98 93963 56649 પ્રાદેશિક સંપર્ક નંબર ઉપલબ્ધ કરાવાયો છે. ભારતીય રાજદૂત ભવનથી ઈ-મેઈલ CONS.TEHRAN@MEA.GOV.IN. પર પણ સંપર્ક કરી શકાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DNA MATCHING PC

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં 144 મૃતકોનાં DNA સેમ્પલ મેચ થયા છે. જ્યારે અત્યાર સુધીમાં 101 પાર્થિવ દેહ મૃતકોનાં પરિવારજનોને સોંપવામાં આવ્યા હોવાનું સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું.

તેમણે ઉમેર્યુ કે, 12 પરિવાર નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, પાંચ પરિવાર સાથે હોસ્પિટલ તંત્ર સંપર્કમાં છે, જ્યારે 17 પરિવારો બીજા સ્વજનના DNA મેચની રાહમાં છે.

<u>(બાઇટ- ડો.રાકેશ જોષી, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ,અમદાવાદ સિવિલ હોસ્પિટલ)</u>

# VAISHNAW - MANESAR

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે હરિયાણાના માનેસરમાં ભારતના સૌથી મોટા ગતિશક્તિ મલ્ટી મોડલ કાર્ગો ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે, શ્રી વૈષ્ણવે આ અંગે વધુ માહિતી આપતા કહ્યુ કે 45 એકરમાં ફેલાયેલા કાર્ગો ટર્મિનલમાં ચાર લાખ 50 હજાર વાહનો લઈ જવાની ક્ષમતા છે. તેમણે નોંધ્યું કે 108 મલ્ટિમોડલ કાર્ગો ટર્મિનલ હવે તૈયાર છે અને ટૂંક સમયમાં શરૂ થશે,

મંત્રીએ રેલ્વેને અપગ્રેડ કરવા, સ્વચ્છતા અને સ્વચ્છતામાં સુધારો કરવા અને તેને વધુ સુલભ બનાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાં પર પણ પ્રકાશ પાડ્યો.

# BIHAR DEATH

બિહારના આઠ જિલ્લામાં ગત 24 કલાકમાં વીજળી પડવાની વિવિધ ઘટનામાં 14 લોકોના મોત થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, બક્સર જિલ્લામાં સૌથી વધુ ચાર, જ્યારે પશ્ચિમ ચંપારણ અને કટિહારમાં પણ ત્રણ-ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા. ગઈકાલે સાંજે વીજળી પડવાથી કૈમૂર, લખીસરાય, સીતામઢી અને ભાગલપુર જિલ્લામાં પણ એક-એક વ્યક્તિનું મોત થયાના પણ અહેવાલ છે.

બીજી તરફ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી 24 કલાકમાં બિહાર પહોંચે તેવી શક્યતા છે. આ પહેલા રાજ્યમાં વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ઘટના વધી છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગે પણ લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું કે, દક્ષિણ ગુજરાત અને દક્ષિણ-પશ્ચિમ બાંગ્લાદેશ અને તેને અડીને આવેલા ગંગાના પશ્ચિમ બંગાળમાં બે નીચા દબાણ સર્જાવાના કારણે વરસાદની સ્થિતિ સર્જાઇ છે.

સૌરાષ્ટ્ર અને કચ્છ, ગુજરાત પ્રદેશ અને ગંગાના પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડ સહિત પૂર્વ ભારતમાં ભારે ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદ આગામી 24 કલાક દરમિયાન થશે તેવુ અનુમાન કરાયું છે.

વિભાગે જણાવ્યું, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આજે ગાજવીજ અને વીજળી પડવાની સંભાવના છે. વિભાગે એવો પણ ઉલ્લેખ કર્યો કે હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશની સાથે દિલ્હી-NCRમાં શુક્રવાર સુધી ગાજવીજ અને તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની ધારણા છે.

# FIH WOMEN HOCKEY

લંડનમાં F.I.H. હૉકીની પ્રૉ-લિગમાં ભારતની મહિલા ટીમ આજે અને આવતીકાલે અર્જેન્ટિનાની મહિલા ટીમ સાથે રમશે. આ મુકાબલાઓમાં ઑસ્ટ્રેલિયાથી હાર્યા બાદ ભારત હવે અર્જેન્ટિના સાથે ભવ્ય પ્રદર્શન કરીને વિજયી બનવા માગશે. હાલમાં ભારત નવ પૉઈન્ટ સાથે સાતમા સ્થાન પર છે અને અર્જેન્ટિના સાથે જોરદાર ટક્કર થવાની આશા છે. હાલમાં અર્જેન્ટિના પૉઈન્ટ ટૅબલમાં બીજા સ્થાન પર છે.

# FOOTBALL WOMEN ASIA CUP

ભારતની સિનિયર મહિલા ફૂટબૉલ ટીમનાં મુખ્ય કોચ ક્રિસ્પિન છેત્રીએ A.F.C. મહિલા એશિયન કપ અને ઑસ્ટ્રેલિયા 2026 ક્વાલિફાયર માટે 24 સભ્યની ટીમની જાહેરાત કરી છે. ક્વાલિફાયર માટે 23 ખેલાડીઓની છેલ્લી ટીમની જાહેરાત પહેલી મૅચ પહેલા કરાશે.

ભારતને ક્વાલિફાયરના ગ્રૃપ બી-માં રાખવામાં આવ્યું છે, જ્યાં ભારત 23 જૂને મંગોલિયા, 29 જૂને તિમોરલેસ્તે, બીજી જુલાઈએ ઈરાક અને પાંચ જુલાઈએ યજમાન થાઈલૅન્ડ સામે રમશે. જ્યારે ગ્રૃપ વિજેતા માર્ચ 2026માં ઑસ્ટ્રેલિયામાં યોજાનારી ફાઈનલ ટૂર્નામેન્ટ માટે ક્વાલિફાય કરશે.